# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

## વહેલી સવારે તમામ વોર્ડના વોર્ડ પ્રભારીશ્રીઓ, આરોગ્ય અધિકારીશ્રી, હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસરશ્રીઓ સહિતના આરોગ્ય શાખાના સ્ટાફ સાથે કામગીરી સમીક્ષા અંગે મિટિંગ યોજતા મ્યુનિ. કમિશ્નરશ્રી ઉદિત અગ્રવાલ

તા.. ૦૪/૦૮/૨૦૨૦



શહેરમાં કોરોના સંક્રમણ રોકવા માટે રાજકોટ મહાનગરપાલિકા અને ખાસ વોર્ડ પ્રભારીશ્રી અને આરોગ્ય શાખાના તમામ સ્ટાફ દ્વારા અવિરત કામગીરી થઈ રહી છે. જેના ભાગ રૂપે આજે તા. ૦૪/૦૮/૨૦૨૦ ના રોજ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી , કોન્ફરન્સ હોલમાં સવારે ૦૮:૦૦ વાગ્યે તમામ વોર્ડના વોર્ડ પ્રભારીશ્રી , આરોગ્ય અધિકારી શ્રી લલિત વાંજા , નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ ડો. પંકજ રાઠોડ, ડો. ચુનારા, ડો. હાર્દિક મહેતા અને **RCHO** શ્રી ડો. ભૂમિ કમાણી તેમજ શહેરના તમામ હેલ્થ સેન્ટરોના મેડીકલ ઓફિસરશ્રીઓ સાથે બેઠક યોજી મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે વોર્ડ વાઈઝ તેમજ હેલ્થ સેન્ટર વાઈઝ થઇ રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

આ મિટિંગમાં મ્યુનિ. કમિશનરશ્રીએ દરેક વોર્ડ વાઇઝ અને દરેક આરોગ્ય કેન્દ્ર વાઇઝ થઇ કામગીરી અંગે સમીક્ષા કરી જરૂરી સુચના આપી હતી. શહેરમાં ધનવંતરી રથ બહુ સારી કામગીરી કરી રહ્યું જ છે અને આ રથ મારફત મહતમ સંખ્યામાં લોકોને આવરી લઇ તેઓને આ સેવાઓનો લાભ મળી રહે તે અંગે સુચનો કર્યા હતા.

(જન સંપર્ક અધિકારી)